ડૉ.એમ.એમ પટેલ GAS
એડીશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૦
ફોન: ૦૭૯-૨૩૨૩૨૪૧૩
Email : - aspdssaguj@gmail.com

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઈ/2024/ ૧૦૨૬૪-૧૦૩૩૪ તા.૨૪/02/2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા : તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ,
જિલ્લા:તમામ

એડી.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ,સૂરત,રાજકોટ,વડોદરા

વિષય : શાળા બહારના(Out of School children) બાળકોના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલ માસમાં સર્વેની કામગીરી બાબત.

સંદર્ભ : 1) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:એસ.એસ/એઆર&વી.ઈ/2023/46323-469તા30/9/23
2) માન. એસપીડીશ્રીની નોંધ ઉપર મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા ૬ થી ૧૯ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના(Out of School children)તમામ(વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા[Children with Special Need] બાળકો સહિતના)બાળકોનો સર્વે કરી તેમની ઓળખ,નામાંકન, ઓપન સ્કૂલિંગ ,મુખ્ય ધારામાં જોડાણ અને શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવામાં આવે છે.

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ અને ૨૫ માટે ઓક્ટોબર માસ દરમ્યાન શાળા બહારના તમામ બાળકોનો વિગતવાર સર્વે કરવા માટે જિલ્લા કોર્પોરેશનને અત્રેની કચેરીના તા.૩૦/૦૯/૨૦૨૩ના પત્રથી જણાવેલ.જે થકી વર્ષ ૨૦૨૪-૨૫ના માટે કુલ ૧૧૫૧૨૯ શાળા બહારના બાળકો મળેલ છે.

સર્વે એ નિરંતર કાર્યરત પ્રક્રિયા હોઈ જૂન માસમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકોના નામાંકનની પ્રક્રિયા શરૂ થાય છે.તે મુજબ એમ.આઈ.એસ વિભાગના child tracking systemમાંથી આપવામાં આવેલ શાળા બહારના બાળકોની યાદી મુજબ અન્ટ્રેક બાળકો કુલ-૬૧૭૭૯૪ અને ડ્રોપ-આઉટ બાળકો કુલ- ૧૪૦૭૩૬ છે.જે બાળકો કોઈ ન કોઈ કારણોસર અન્ટ્રેક અને ડ્રોપ-આઉટ થયેલ છે બિડાણ-(૧)

ડ્રોપ-આઉટ તેમજ અનટ્રેક રહી ગયેલ બાળકોને શૈક્ષણિક પ્રવાહમાં જોડવા માટે એપ્રિલ માસમાં જિલ્લા કોર્પોરેશન દ્વારા શાળા બહારના બાળકોનો સર્વે કરવાનો થાય છે.

જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવા જણાવીએ.

1. જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી ,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા પ્રોજેકટકો-ઓર્ડિનેટર અને કોર્પોરેશન વિસ્તાર માટે શાસનાધિકારીશ્રી દ્વારા ગ્રામ્ય, શહેરી વિસ્તારોમાં આવતા માનવવસ્તી ધરાવતા તમામ વિસ્તારોનો શાળા/ક્લસ્ટર/બ્લોક/જિલ્લા વાઇઝ મેપિંગ કરવાનું રહેશે. આ રીતે વિગત વાર મેપિંગ કરી વિસ્તાર વાઇઝ સર્વે ટીમનુ ગઠન કરી,સર્વે ટીમના વિગતવારના કાર્યાદેશ કરવા જણાવીએ.બિડાણ-(2)

2. આ સર્વેની કામગીરી તા.૦૧/૦૪/૨૦૨૪થીતા. ૧૭/૦૫/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે..

| વિગત | સમયગાળો |
|---|---|
| રાજ્ય કક્ષા | |
| જિલ્લા ,કોર્પોરેશન પત્ર દ્વારા સૂચના | ૦૧/૦૪/૨૦૨૪થી ૦૩/૦૪/૨૦૨૪ |
| વીસીનું આયોજન. | |
| અન્ય સંસ્થાઓને પત્ર | |
| અન્ય પ્રચારપ્રસાર- | |
| જિલ્લા,કોર્પોરેશન કક્ષા | |
| વિના મુલ્યે પ્રચાર – પ્રસાર | ૦૪/૦૪/૨૦૨૪થી ૦૮/૦૪/૨૦૨૪ |
| બી.આર.સી કો.ઓ દ્વારા મીટીંગ | |
| સ્વૈચ્છિક સંસ્થાઓ અને N.S.S,N.C.C કોલેજ અને યુનિવર્સિટીને પત્ર દ્વારા જાણ | |
| જિલ્લા અને તાલુકાના સ્ટાફ સાથે મિટીંગ અને કામની વહેચણી | |
| તાલુકા,ઝોન કક્ષા | |
| તાલુકા કક્ષાએ સ્ટાફ,મુખ્ય શિક્ષક સાથે મિટીંગ | ૦૯/૦૪/૨૦૨૪થી ૧૦/૦૪/૨૦૨૪ |
| પોકેટ એરિયા ઝુપડપટ્ટી વગેરે નક્કી કરવા સર્વેની એરિયા વાઇઝ કામની વહેચણી. | |
| સુપરવિઝન અને મોનીટરીંગ કામની વહેચણી. | |
| એસ.એમ.સી કક્ષા | |
| એસ.એમ.સી સભ્યો અને આગેવાનો સાથે મીટીંગ | ૧૨/૦૪/૨૦૨૪થી ૧૫/૦૪/૨૦૨૪ |
| બાળમિત્ર,આંગણવાડી કાર્યકર,આશાવર્કર નિવૃત્ત શિક્ષકો,ગામના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતિઓની સર્વેની કામગીરી માટે પસંદગી | |
| ગામના નોટીસ બોર્ડ ઉપર જાહેરાત | |
| સર્વેયર દ્વારા સર્વે કરવાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૪થી ૨૬/૦૪/૨૦૨૪(પરિશિષ્ટ ૧,૨) |
| એસ સી દ્વારા.એમ.CTS(Oosc)માં એંટ્રી (ચકાસણી)કરવાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૪થી ૦૫/૦૫/૨૦૨૪(પરિશિષ્ટ ૩) |
| ક્લસ્ટર કક્ષાએથી ચકાસણીની તારીખ | ૦૬/૦૫/૨૦૨૪થી ૧૦/૦૫/૨૦૨૪(પરિશિષ્ટ ૪) |
| બી સી.આર.યુ/સી.આર.કક્ષાએથી ચકાસણી તારીખ | ૧૩/૦૫/૨૦૨૪થી ૧૭/૦૫/૨૦૨૪(પરિશિષ્ટ ૫) |

3. સમગ્ર કામગીરી ૧૭/૦૫/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

4.આ સર્વે ટીમોમાં શાળાના શિક્ષકો ઉપરાંત સમગ્રશિક્ષાના તમામ સ્ટાફ જેવાકે, સીઆરસી, બીઆરપી, બીઆરસી/યુઆરસી,ટીઆરપી,સ્પે.એજ્યુકેટર્સ, આઇ.ઇ.ડી ,આઇ.ઇ.ડી.એસ.એસ,વોકેશનલ ટ્રેનર્સ, બાળમિત્રો, જિલ્લાનો તમામ સ્ટાફ વગેરેનો સમાવેશ થાય તે રીતે કાર્યવાહી કરવા જણાવીએ.

5.જેતે વિસ્તારની પ્રાથમિક શાળાને સર્વેની કામગીરી માટે મુખ્ય સેન્ટર ગણવાનું રહેશે. જેમાં મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીને ટીમ લીડર તરીકે કામગીરી કરવા જણાવીએ.

6.શાળાબહારના બાળકોના સર્વે કરવા માટેના ફોર્મ શાળા કક્ષાએ મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીને ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (સી.ટી.એસ) માંથી ડાઉનલોડ કરીને તમામ સર્વેયરને પુરા પાડવા જણાવીએ.

7.સર્વેયર પોતાને ફાળવવામાં આવેલ ગ્રામ્ય કે શહેરી વિસ્તારના તમામ વસાહતોનો સર્વે કરવાનો રહેશે અને તેઓને આપવામાં આવેલ પરિશિષ્ટ-૧ મુજબ સર્વે ફોર્મ ભરવાનું રહેશે. તેમજ પરિશિષ્ટનં.-૨ મુજબનું તારિજ બનાવી ટીમ લીડર, મુખ્ય શિક્ષક/ આચર્યશ્રીને રજૂ કરવા જણાવીએ.

8.સર્વે ટીમના ટીમ લીડર,મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ તમામ સર્વેયર પાસેથી મળેલી માહિતીની ચકામણી કરી તેના ઉપરથી પરિશિષ્ટનં.-૩ મુજબની તારિજ બનાવી,સર્વેમાં તમામ વિસ્તારો/વસાહતો સર્વેયર દ્વારા આવરી લેવામાં આવેલ છે,તે મુજબનું પ્રમાણપત્ર સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રીને રજુ કરવા જણાવીએ.

9.સર્વેમાં મળેલ ૬ થી ૧૯ વર્ષના તમામ શાળા બહારના(Out of School children)તમામ(વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા[Children with Special Need] બાળકો સહિતના)બાળકોની ઓનલાઇન એન્ટ્રી Child Tracking System (CTS)માંશાળાકક્ષાએથી મુખ્ય શિક્ષક/આચાર્યશ્રી દ્વારા જ કરવા જણાવીએ.

10.સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રીએ કલસ્ટરની તમામ શાળાના મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે ચકાસણી કરી પરિશિષ્ટ -૪મુજબનું પ્રમાણપત્ર બીઆરસી/યુઆરસીકો.ઓર્ડિનેટરશ્રીને આપવાનું રહેશે.

11. બીઆરસી/યુઆરસીકો.ઓર્ડિનેટરશ્રીએ તાલુકાના તમામ ક્લસ્ટરના સી.આર.સી.કો.ઓ.શ્રીના આપેલ પ્રમાણપત્રના આધારે ચકાસણી કરી પરિશિષ્ટ -૫ મુજબનું પ્રમાણપત્ર જિલ્લાશિક્ષણાધિકારી, જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લાપ્રોજેક્ટકો-ઓર્ડિનેટર અને કોર્પોરેશન વિસ્તાર માટે શાસનાધિકારીશ્રીને આપવા જણાવીએ.

12.કલસ્ટરકક્ષાએ નિયુકત થયેલ સ્પે.એજ્યુકેટર/વિશિષ્ટ શિક્ષકે (IEDSS) પોતાને ફાળવેલ ચાર્જ સહિતના તમામ વિસ્તારોના શાળા બહારના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા(Children with Special Need)બાળકોના સર્વેમાં પ્રાપ્ત થયેલ માહિતી સી.આર.સી કો.ઓર્ડિનેટરશ્રીના સંકલનમાં રહી Divyan Applicationમાં અપડેટ કરવા જણાવીએ.

13.આ સર્વે પ્રક્રિયા માટે શાળા વ્યવસ્થાપન સમિતી,(SMC) શાળા સંચાલન અને વિકાસ કમીટી,(SMDC) સ્વૈચ્છીક સંસ્થાઓ જેવા સ્થાનિક સમુહો પાસેથી પણ સહયોગ મેળવવા જણાવીએ.

14.અનટ્રેક બાળકોની વિગતો જિલ્લા કક્ષાએથી મેળવીને નિશ્ચિત કરેલ વિસ્તારમાં બાળકોનો સર્વે કરવા જણાવીએ.

15.આ સર્વે પ્રક્રિયા નિયત કરેલ તારીખ મુજબ પૂર્ણ કરીને વર્ષ દરમિયાન શાળા બહારના બાળકોનો સર્વે કરવા જણાવીએ

આ પ્રકારે ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાને લઈને શાળા બહારના બાળકોના સર્વેનું સઘન સુપરવિઝન અને મોનીટરીંગ તમામ જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ શાસનાધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ બાબતે કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે અને સમયમર્યાદામાં આયોજનપૂર્વક પૂર્ણ કરવા જણાવીએ.બિડાણ:પરિશિષ્ટ નં ૧,૨,૩,૪અને ૫ ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈ ૬ થી ૧૯ વર્ષના તમામ શાળા બહારના(Out of School children)તમામ(વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા[Children with Special Need] બાળકો સહિતના)બાળકોના એપ્રિલ-૨૦૨૪ દરમ્યાન સર્વે કરવા માટે આપની કક્ષાએથી જણાવવામાં આવે છે.

બિડાણ:1) માર્ગદર્શિકા પરિશિષ્ટ નં ૧, ૨,૩,૪ અને ૫

નકલ સવિનય રવાના:પી.એ ટુ માન.એસ.પી.સીશ્રી સદર કચેરી

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

P1B/

| OOSC DATA 6TO 19 YEAR ,DROP-OUT,UNTRACKED CHILDREN | | | | | | |
|---|---|---|---|---|---|---|
| No | DISRTICT | Untracked data | | Drop out data | | TOTAL CHIDREN |
| | | No of Children 6 TO 14 | No of Children 15 TO 19 | No of Children 6 TO 14 | No of Children 15 TO 19 | |
| 1 | AHMEDABAD | 44986 | 44541 | 4605 | 5904 | 100036 |
| 2 | SURAT | 36355 | 32081 | 11204 | 7218 | 86858 |
| 3 | BANASKANTHA | 15776 | 23543 | 2766 | 5333 | 47418 |
| 4 | DOHAD | 7717 | 16787 | 12141 | 9675 | 46320 |
| 5 | KACHCHH | 13428 | 16844 | 3426 | 3742 | 37440 |
| 6 | VADODARA | 10219 | 19885 | 1663 | 2772 | 34539 |
| 7 | RAJKOT | 16619 | 16805 | 842 | 1548 | 35814 |
| 8 | BHAVNAGAR | 6567 | 17073 | 712 | 3150 | 27502 |
| 9 | MAHESANA | 4861 | 14104 | 536 | 3228 | 22729 |
| 10 | ANAND | 2723 | 14047 | 685 | 4110 | 21565 |
| 11 | KHEDA | 2651 | 14017 | 382 | 3931 | 20981 |
| 12 | VALSAD | 7936 | 10400 | 1120 | 2149 | 21605 |
| 13 | GANDHINAGAR | 5472 | 11267 | 341 | 1500 | 18580 |
| 14 | JAMNAGAR | 8316 | 7545 | 696 | 802 | 17359 |
| 15 | PANCH MAHALS | 2609 | 10165 | 1024 | 5209 | 19007 |
| 16 | SABAR KANTHA | 4112 | 8999 | 985 | 2982 | 17078 |
| 17 | PATAN | 3742 | 9942 | 540 | 3136 | 17360 |
| 18 | BHARUCH | 3949 | 9315 | 1518 | 2578 | 17360 |
| 19 | AMRELI | 3776 | 8225 | 419 | 2273 | 14693 |
| 20 | NAVSARI | 1845 | 6979 | 949 | 2478 | 12251 |
| 21 | MORBI | 5379 | 5052 | 336 | 858 | 11625 |
| 22 | MAHISAGAR | 1594 | 7890 | 195 | 1606 | 11285 |
| 23 | JUNAGADH | 3338 | 8384 | 101 | 438 | 12261 |
| 24 | ARAVALLI | 1771 | 6124 | 262 | 1996 | 10153 |
| 25 | GIR SOMNATH | 2578 | 6616 | 245 | 960 | 10399 |
| 26 | DEVBHOOMI DWARKA | 2631 | 4609 | 473 | 888 | 8601 |
| 27 | BOTAD | 1819 | 4094 | 414 | 1540 | 7867 |
| 28 | PORBANDAR | 1722 | 3858 | 148 | 480 | 6208 |
| 29 | NARMADA | 683 | 2715 | 296 | 1018 | 4712 |
| 30 | THE DANGS | 669 | 1092 | 511 | 1407 | 3679 |
| 31 | SURENDRANAGAR | 5708 | 9100 | 1004 | 1575 | 17387 |
| 32 | TAPI | 951 | 4459 | 451 | 1008 | 6869 |
| 33 | CHHOTAUDEPUR | 2625 | 6110 | 774 | 1480 | 10989 |
| TOTAL | | 235127 | 382667 | 51764 | 88972 | 758530 |

# શાળા બહારના બાળકોના સર્વેની માર્ગદર્શિકા P 1133

# સર્વે-૨૦૨૪-૨૫

**<u>પ્રસ્તાવના:</u>**

- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની જોગવાઇ મુજબ ૬ થી ૧૪ વર્ષના વય જૂથના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે. જે બાળકો કદી શાળાએ ગયેલ નથી કે અધવચ્ચે શાળા છોડી ગયેલ છે તેવા બાળકોનું નજીકની શાળામાં વયકક્ષા મુજબ ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનીંગ પ્રોગ્રામમેળવવાનો અધિકાર છે. *(RTE ACT.-2009, Chapter-2 para-4)* વધુમા જે બાળકોએ ધોરણ ૧થી૮નુ શિક્ષણ પૂર્ણ કરેલ નથી તેવા ૧૯ વર્ષની વય સુધીમાં પ્રારમ્ભિક શિક્ષણ પૂર્ણ કરવાનો અધિકાર છે.
- સમગ્ર શિક્ષા અંતર્ગત જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલ ૬ થી ૧૯ વર્ષ વચ્ચેની વય જુથના શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકો અને જેઓનું ધોરણ ૧ થી ૧૨ નું શિક્ષણ પુર્ણ કરી શકયા નથી તેવા તમામ શાળા બહારના વિશિષ્ટ જરૂરિયાત વાળા સહિતના તમામ બાળકોના સર્વે કરી તેમની ઓળખ,નામાંકન,મુખ્યપ્રવાહમાં જોડવા એન શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની થાય છે.

➢ **<u>હેતુઓ :</u>**

- ૬ થી ૧૯ વર્ષની વયજૂથનાશાળા બહારના અનેવિશિષ્ટ જરૂરિયાત ધરાવતા(Children with Special Needs) બાળકો સહિતના તમામ બાળકોનો સર્વે
- રાજ્યના તમામ જિલ્લાનાની તમામ માનવ વસાહતોનો શાળાના કાર્યક્ષેત્ર માં સમાવિષ્ટ તમામ માનવ વસાહતોનો સર્વે કરવો
- શાળા બહારના તમામ બાળકોના સર્વેની પ્રકિયા માટે શાળા (પ્રા/મા/ઉ.મા)ને યુનિટ ગણવાનુ રહેશે.

➢ **<u>સમયગાળો</u>:**

૬ થી ૧૯ વર્ષના શાળા બહારના બાળકોનો સર્વે કરવાનો થાય છે. સર્વેની છેલ્લી તારીખ સુધી રાત્રે ૧૨.૦૦ કલાકે સુધીમાં સી.ટી.એસ (ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ)માં શાળા કક્ષાએથી એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશેજો સમયમર્યાદામાં એન્ટ્રી પૂર્ણ કરવામાં નહીઆવે તેની સંપૂર્ણ જવાબદારી શાળાના મુખ્ય શિક્ષક, સી.આર.સી અને બ્લોક કક્ષાએથી બી.આર.સીની તેમજ જિલ્લા અને કોર્પોરેશન કક્ષાનીરહેશે. જેની નોંધ લેવી.

➢ **<u>સર્વે માટે જુદી-જુદી કક્ષાની જવાબદારી</u>**

(૧) <u>જિલ્લા કક્ષાની જવાબદારી</u>:

- રાજય કચેરીનો સર્વેનો પત્ર અને ગાઇડલાઇન તમામ તાલુકા/વોર્ડ, ક્લસ્ટર અને શાળાઓને પહોચે તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.
- તાલુકા, ક્લસ્ટર અને શાળા કક્ષાના સ્ટાફની સર્વેની સમજ માટે તાલીમનું આયોજન કરવુ.
- જિલ્લા કક્ષાએથી શાળા બહારના બાળકોના સર્વેનો પત્ર કરવો.
- જિલ્લા કક્ષાએથી સર્વેના મોનીટરીંગ અને માર્ગદર્શન માટે મોનિટરિંગ ટીમનું ગઠન કરવનુ રહેશે જેમાં જિલ્લા કક્ષાના તમામ પ્રોજેક્ટ સ્ટાફને આવરી લેવા.
- જિલ્લા દ્વારા જુદા-જુદા વિભાગો જાહેર સંસ્થાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓને પત્ર દ્વારા સર્વેમાં માટે સહયોગ મેળવવનો રહેશે.

- જિલ્લા દ્વારા સર્વે અંગેનો બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

(૨) તાલુકા કક્ષાની જવાબદારી:

- તાલુકાના પ્રોજેક્ટ સ્ટાફ સાથે સર્વેની મીટીંગ કરવી.સર્વે સંબંધિત માર્ગદર્શન પુરૂ પાડવું.
- તમામ સ્ટાફને ટીમ બનાવી તાલુકા/ઝોનમાં આવેલ વિસ્તાર, સ્લમ પોકેટ એરીયા વગેરે નક્કી કરી સર્વેની કામગીરીની વહેંચણી કરવાની રહેશે.
- કલસ્ટર કક્ષાએથી આવેલ પ્રમાણપત્ર મુજબના ડેટાનું ફિલ્ડ વેરીફીકેશન કરવું.
- ક્લસ્ટર કક્ષાએથી મળેલ તારિજ પત્રક્નુ વેરિફિકેસન કરી, પોતનુ પ્રમાણપત્ર જિલ્લા/કોર્પોરેસન કક્ષાએ આપવાનુ રહેશે.

(૩) કલસ્ટર કક્ષાની જવાબદારી:

- કલસ્ટરમાં આવતી તમામ શાળાઓના આચાર્યો સાથે મીટીંગ કરી સર્વેની કામગીરી, વિસ્તાર વગેરે નક્કી કરવા યોગ્ય માર્ગદર્શન આપવું.
- શાળાના સર્વે ટીમ લિડર (મુખ્ય શિક્ષક/ આચાર્યશ્રીને) સર્વે ટીમના ગઠનમાટે માર્ગદર્શન આપવાનુ રહેશે.
- પોતાના ક્લસ્ટરની તમામ શાળાઓની સર્વેનુ મોનિટરિંગ કરવાનુ રહેશે.
- તમામ શાળાઓ દ્વારા આપવામાં આવેલ સર્વપ્રમાણ પત્રોના ડેટનુ ફિલ્ડ વેરિફિકેસન કરી ક્લસ્ટર કક્ષાનુ પ્રમાણપત્ર/તારિજ તૈયાર કરી તાલુકા કક્ષાએ આપવાનુ રહેશે

(૪) શાળા કક્ષાની કામગીરી:

- સર્વેનો પત્ર અને ગાઇડ લાઇનનાઆધારે સર્વે ટીમ લિડર (મુખ્ય શિક્ષક /આચાર્યશ્રી) તેનો અભ્યાસ કરવાનો રહેશે.
- રાજય અને જિલ્લા કચેરી દ્વારા આપવામાં આવનાર સર્વેની તાલીમ માંસર્વે ટીમ લિડર (મુખ્ય શિક્ષક /આચાર્યશ્રી) અને સર્વે ટીમના તમામ સભ્યોએ સામેલ થવું.
- ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ(CTS)માંથી સર્વે ફોર્મ ડાઉનલોડ કરી જરૂરીયાત મુજબ પ્રિન્ટ કરવી.
- પોતાના ગામ/ વોર્ડ ના કાર્યક્ષેત્ર માં સમાવિષ્ટ તમામ વિસ્તરો/ વસાહતોનુ મેપિંગ કરવાનુ રહેશે.
- સર્વે ટીમનુ ગઠન કરવું જેમાં દરેક સર્વેયરને તમામ વસાહતો આવરી લેવાય તે પ્રમાણે વસાહતો/વિસ્તારની વહેંચણી કરવી.
- સર્વે માટે નિભાવવાના રજીસ્ટર વી.ઇ.આર/ડબલ્યુ.ઇ.આર ની વિગતવાર સમજ આપવી
- સ્થાનિક સહયોગ મળે તે માટે પ્રચાર પ્રસારનું આયોજન કરવું.
- સર્વેમાં તમામ વસાહતો તેમજરેલ્વે સ્ટેશન, બસસ્ટેશન, ઔધોગિક વસાહતો, સ્લમ વિસ્તારો,જેવા તમામ વિસ્તારોને આ સર્વેમાં આવરી લેવાના રહેશે.
- સર્વેયર દ્વારા કરવામાં આવેલ સર્વે અને ભરેલા ફોર્મ એકઠા કરવાના રહેશે,તમામ સર્વે ફોર્મની ખરાઇ કરી પ્રામણિત કરવાના રહેશે
- તમામ સર્વે ફોર્મની ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં (સી.ટી.એસ) ઓનલાઇન ડેટા એન્ટ્રી શાળા કક્ષાએથી કરવાની રહેશે.
- તમામ ફોર્મની એંટ્રી પૂર્ણ કર્યા બાદ મુ.શિ/આચાર્યશ્રીએ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં (સી.ટી.એસ)માથી શાળા કક્ષાનુ ઓટો જનરેટેડ પ્રમાણપત્ર/તારિજ ડાઉનલોડ કરી પ્રમાણિકરણકરી દિન -૨ માં સી.આર.સી કક્ષાએ મોકલવાનું રહેશે.

- સર્વેયરે સર્વે ફોર્મ ભરતી વખતે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને રાખવા
  (૧) બાળકનું નામ આધાર કાર્ડ મુજબ અંગ્રેજી કેપીટલમાં લખવું
  (૨) આધાર કાર્ડ ના હોય તો વાલીને પુછીને બીજા આધારભૂત પ્રમાણપત્ર મુજબ અંગ્રેજી કેપીટલમાં લખવું

(૩) સ્ટાર(*) દર્શાવેલ વિગતો ફરજીયાત ભરવાની રહેશે.

(૪) જાતિ, સમાજીક જાતિ, ધર્મઅનેવિકલાંગતામાં ભરવાની થતી વિગતો તેના આપેલ નંબર મુજબ ભરવાની રહેશે. દા.ત:

- જાતિ (કુમાર = 1 / કન્યા = 2 / ટ્રાન્સજેન્ડર=3)
- સામાજિક જાતિ (GENERAL = 1, SC = 2, ST = 3, OBC =4)
- ધર્મ(HINDU=1, MUSLIM=2, CHRISTAIN=3, SIKH=4, BUDDHIST=5, JAIN=6, PARSI=7, OTHER=8)

(૫) જન્મતારીખ ઉ.દા પ્રમાણે લખવાની રહેશે.દાત.

- જન્મતારીખ (dd/mm/yy)

(૬) જે બાળક ડ્રોપઆઉટ છે તેની સંબંધીત તમામ વિગતો ભરવાની રહેશે. દા.ત.

- ડ્રોપ આઉટ રહેવાનું કારણ:- માઇગ્રેશન=1 , શાળાનું અંતર વધુ હોવાના કારણે=2, સામાજીક કારણો = 3, આર્થિક સ્થિતિ અને અસ્થાયી જીવન = 4, દિવ્યાંગતા(વિકલાંગતા) = 5, શિક્ષણનું માધ્યમ = 6, લાંબી બિમારી (પરિવાર અથવા બાળકની) = 7, સ્થાનિક કક્ષાએ નિવાસી સુવિધા ન હોવાને કારણે = 8, જન જાગૃતિનો અભાવ = 9)

(૭) વિકલાંગતામાં તેની નીચે પ્રમાણેની ૨૧ (એકવીશ) પ્રકારની કેટેગરી ધ્યાને લેવાની રહેશે.

- દિવ્યાંગ બાળક હોય તો, વિકલાંગતાનો પ્રકાર:- લાગુ પડતું નથી(NA)=૦, સંપૂર્ણ અંધ(TB)=૧, અલ્પ દ્રષ્ટિ(LV)=૨, સાંભળવાની ખામી(HI)=૩, બોલવામાં ખામી(SI)=૪, હલન ચલન સંબધિત વિકલાંગતા(LM)=૫, માનસીક ક્ષતિ(MR)=૬, શીખવાની અક્ષમતા(LD)=૭, મગજનો લકવો(CP)=૮, સ્વલિનતા(પોતાનામાં રચેલું(Autism)=૯, બહુ વિકલાંગતા(MD)=૧૦, રકતપિત્ત(LEP)=૧૧, ઠીંગણાપણું(DF)=૧૨, સ્નાયુઓની ક્ષીણતા (MDY) =૧૩, એસિડ હુમલાનો ભોગ બનનાર (AA) =૧૪, બૌધિકમંદતા (ID) =૧૫, મલ્ટિપલ સ્કલેરોસિસ (MS) =૧૬, પાર્કીસંસ રોગ (PD) =૧૭, હીમોફીલીયા (HP) =૧૮, ઓછા હિમોગ્લોબીન અને ઓછા રકતકણોસંબંધિત (TS) =૧૯, સિકલસેલ (SCD) =૨૦, ક્રોનીક ન્યુરોલોજિકલ કન્ડીશન(CND)=૨૧

(૮) જો બાળક સ્થળાંતર થતું હોય તો તેની વિગતો પણ આવે છે કે જાય છે તે રીતે દર્શાવવાની રહેશે.

(૯) જે બાળકો આધાર યુનિક નંબર ધરાવતા નથી તેવા બાળકનો નંબર ઓટોજનરેટ થઇ જશે.

- આધાર યુનિક નંબર (SSA - 18 અંકનો)

(૧૦) પરિશિષ્ટ-૧ એ સર્વે ફોર્મ છે. જેમાં સર્વેયરશ્રીએ શાળાબહારના બાળકની વિગતો ભરવાની રહેશે.

(૧૧) પરિશિષ્ટ-૨ માં સર્વેયરે સર્વે કર્યાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૧૨) પરિશિષ્ટ-૩ માં મુખ્ય શિક્ષકે સ્થળ ચકાસણી કરી તેનું પ્રમાણપત્ર સી.આર.સી કો.ઓર્ડિનેટરને આપવાનું રહેશે.

(૧૩) પરિશિષ્ટ-૪ માં સી.આર.સી કો.ઓર્ડિનેટર સ્થળ ચકાસણી કરી તેનું પ્રમાણપત્ર બી.આર.સી કો.ઓર્ડિનેટરને આપવાનું રહેશે.

(૧૪) પરિશિષ્ટ-૫માં બી.આર.સી કો.ઓર્ડિનેટર સ્થળ ચકાસણી કરી તેનું પ્રમાણપત્ર જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરને આપવાનું રહેશે.

(૬) <u>શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં શાળા બહારના બાળકોના સર્વેની કામગીરી</u>

❖ <u>શહેરી વિસ્તાર:</u>

- શહેરી વિસ્તારમાં સ્લમ અને પોકેટ એરીયા પર ફોકસ કરવાનું રહેશે.
- બાંધકામ સ્થળો ઉપર મજૂરી કરતા વાલીઓના બાળકોને પણ આવરી લેવાના રહેશે. રીમાન્ડ હોમ, નારી સંરક્ષણ ગૃહ, ઓબ્જર્વેશન હોમ તેમજ સ્વૈચ્છીક સંસ્થાના વર્ગોમાં આવરી લીધેલ બાળકોનો સમાવેશ કરવાનો રહેશે.
- નોટીફાઇડ તથા અનનોટીફાઇડ વિસ્તારને આઇડેન્ટીફાઇ કરી તેવા વિસ્તારમાં સર્વે કરવાનો રહેશે તેમજ રેલ્વેસ્ટેશન, બસસ્ટેશન ધાર્મિક સ્થળો, ઝુંપડપટી, સીનેમા ઘરોની આસપાસના વિસ્તારને ખાસ ફોકસ કરવાનું રહેશે.

❖ <u>ગ્રામ્ય વિસ્તાર:</u>

- નેશ વિસ્તાર, દરિયા કિનારા, બેકવર્ડ ઓરીયા, અગરિયાવિસ્તાર, બેટ વિસ્તારઅનેજંગલ વિસ્તારના શાળા બહારના તમામ બાળકોને આવરી લેવાના રહેશે.
- બસસ્ટેન્ડ, રેલ્વેસ્ટેશન અને ધાર્મિક સ્થળોની આજુબાજુના વિસ્તારોને આવરી લેવાના રહેશે.
- સ્થાનિક આગેવાનોના સહકારથી ગ્રામ પંચયત, દુધ મંડળી, જાહેર સ્થળોના નોટીસ બોર્ડ ઉપર સર્વેની જાહેરાત કરવાની રહેશે.

<u>"શાળા બહારના બાળકોના સર્વેમાં તમામ વસાહતોને આવરી લેવાના રહેશે. "</u>

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# PRABANDH PORTAL

## OUT OF SCHOOL CHILDREN SURVEY FORM 2024-25

## SAMAGRA SHIKSHA GUJARAT.

1. ફોર્મ નં.....

તારીખ : ....................

2. ચાઇલ્ડ કોડ................................ જિલ્લો............... તાલુકો.............................. કલ્સ્ટર.................................

ગામ/વોર્ડ................................................. નજીકની શાળાનું નામ........................................................

3. બાળકનું નામ ........................................................................ અટક .......................................

4. પિતાનું નામ ..................................................................

5.માતાનુંનામ.........................................6. સ્થાનિક પાલકનું નામ..........................................................................

7. પુરૂ સરનામું ..............................................................................8. મોબાઇલ.નં..............................................

9.યુનિક આઇ.ડી(જો બાળક ડ્રોપ આઉટ હોય તો) .....................................10.(કુમાર/કન્યા)..................................

11.ઉંમર (સંખ્યામાં) .............................. જન્મ તારીખ -db/m/yy દિવસ ...............માસ............વર્ષ................

12.વિકલાંગતા છે? હા/ના .....................જો હા તો વિકલાંગતાના પ્રકાર................................

(1.LOCOMOTOR DISABILITY 2.LEPROSY 3.CEREBRAL PALSY 4.DWARFISM 5.MUSCULAR DYSTROPHY6.ACID ATTACK 7.BLINDNESS,LOW VISION 8.HEARING IMPEREMENT 9.SPEACH AND LANGUAGE 10.INTELECHUAL DISABILITY 11.SPECIFIC LEARNING DISABILITY 12.AUTISM SPECTROM DISABILITY 13.MENTAL BEHAVIOUR 14.CHRONICNEUROLOGICAL CONDITION 15.MULTIPLE SCLEROSIS 16.PARKINSON DISEASE 17.BLOOD DISORDER 18.HAEMPHILIA 19.THALASSEMIA 20.SICKLE CELL DISABILITY 21.MULTIPLE DISABILITY)

13.સામાજીકજૂથ(1.SC2.ST3.GENERAL4.OBC5.OTHER).......................14.ધર્મ(1.HINDU2.MUSLIM3.JAIN4.SIKH5.CHRISTAIN6.PARSI7.BUDDHIST8.ANY OTHER)...................................15. નેવરએનરોલ્ડ(કદીએ શાળા ન ગયેલ) – હા/ના.........................

નેવર એનરોલ્ડ રહેવાનું કારણ ............................... ડ્રોપ-આઉટ- હા/ના.........................

ડ્રોપ આઉટ રહેવાનું કારણ............................ (1.માઇગ્રેશન,2.શાળાનું અંતર વધુ હોવાના કારણે,3.સામાજીક કારણો,4.આર્થિક સ્થિતિ અને અસ્થાયી જીવન,5.દિવ્યાંગતા(વિકલાંગતા),6.શિક્ષણનું માધ્યમ,7.લાંબી બિમારી (પરિવાર અથવા બાળકની),8.સ્થાનિક કક્ષાએ નિવાસી સુવિધા ન હોવાને કારણે,9.જન જાગૃતિનો અભાવ)

16.જો બાળક ડ્રોપ આઉટ હોય તો છેલ્લે ક્યા ધોરણમાં હતો?..................................

17.બાળક છેલ્લા કેટલા મહિનાથી ડ્રોપ-આઉટ છે? ..............................(દા.ત.1-માસ,2-માસ.....)

18.ઓળખ થયેલ બાળકનું શાળામાં નામાંકન થયેલ છે? - હા/ના ...............

19. જો હા તો શાળાનો ડાયસ કોડ.........................20.શાળાનું નામ...................................

21.જી.આર.નં.........................22.બાળકને સ્પેશિયલ ટ્રેનિંગની(એસ.ટી.પી) જરૂર છે?- હા/ના.....

23. જો હા તો સ્પેશિયલ ટ્રેનિંગનો સમયગાળો( 3/6/9/12માસ...) ....................

24.સ્પેશિયલ ટ્રેનિંગનો પ્રકાર નિવાસી--1 /બિન નિવાસી—2 (દા.ત.1/2)..............

25.તાલીમ માટે ફંડની જરૂરિયાત છે? હા/ના ............બાળક સ્થળાંતર થાય છે? હા/ના.....................

જો હા તો ક્યા રાજ્ય .............. જિલ્લા...............તાલુકામાં............... થાય છે.કેટલા માસ માટે થાય છે?----

26.સર્વેનો સમયગાળો..શરૂ( તારીખ)................... 27.પૂર્ણ(તારીખ) .........................

સર્વે કરનારનું નામ-

સરનામું-

હોદ્દો-

મોબાઇલ નં-

સહી-

પરિશિષ્ટ નં 2

સમગ્ર શિક્ષા ગુજરાત

સર્વે કરનારનું પ્રમાણપત્ર

વર્ષ 2024-25 શાળા બહારના બાળકોનો સર્વે રિપોર્ટ તા.

જિલ્લો- તાલુકો- સર્વે કરનારનોનામ/ હોદ્દો - સંપર્ક નં-

| ક્રમ | કલસ્ટર | શાળાનું નામ | U DISE CODE | વસાહત /છાપરાનું નામ | સર્વેની તારીખ | સર્વેમાં મળેલ બાળકોની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | 6થી 8 | | | 9થી 14 | | | 15 થી19 | | | કુલ | | કુલ |
| | | | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |

મારા દ્વારા મને સોંપેલ એસ.એમ.સી/શાળાના કાર્યક્ષેત્ર અંતર્ગતના કુલ ---------------વિસ્તારમાં ધો.1 થી 12 સુધીનું પ્રારંભિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ ન કરેલ હોય તેવા શાળા બહારના વિશિષ્ટ જરૂરિયાત ધરાવ(CwSN) સહિતના બાળકોની ઓળખ/સર્વે પ્રક્રિયા કરેલ છે સામેલ સર્વે ફોર્મની દરેક વિગત સાચી છે ઉક્ત સર્વેમાં કુલ........... શાળા બહારના બાળકો મળી આવેલ છે.શાળા બહારના સર્વે માટેના કુલ ------- ફોર્મ આ સાથે સામેલ છે.આ સર્વેમાં એકપણ વસાહત કે વિસ્તાર વંચિત રહેલ નથી તે બદલ પ્રમાણપત્ર આપવામાં આવે છે

સર્વે કરનારની સહી/નામ

પરિશિષ્ટ નં 3

મુખ્ય શિક્ષક સ્થળ ચકાસણી પ્રમાણપત્ર

સમગ્ર શિક્ષા ગુજરાત

વર્ષ 2024-25 શાળા બહારના બાળકોનો સર્વે રિપોર્ટ તા.

શાળાનું નામ - U-DISE CODE-

જિલ્લો- તાલુકો-

| ક્રમ | કલ્સ્ટર | વિસ્તાર/ વસાહત /છાપરાનું નામ | સર્વે કરનારનું નામ | સર્વેની તારીખ | સર્વેમાં મળેલ બાળકોની સંખ્યા | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 6થી 8 | | | 9થી 14 | | | 15 થી19 | | | કુલ | | |
| | | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |

રાજ્ય/જિલ્લાની કચેરી સૂચના મુજબ અમારી શાળાના કાર્યક્ષેત્રને સ્પર્શતા --------------વિસ્તારનો સર્વે શાળા દ્વારા કરવામાં આવેલ છે. જેની ખરાઇ અને સ્થળ ચકાસણી અમોએ કરેલ છે.ઉક્ત સર્વેમાં ------------શાળા બહારના બાળકો મળેલ છે. આ સર્વેમાં અમારી શાળાના કાર્યક્ષેત્રમાં સ્પર્શતો એક પણ વિસ્તાર શાળા બહારના સર્વેથી વંચિત રહી જતો નથી જે અમે સુનિશ્ચિત કરીએ છીએ તે બદલ પ્રમાણ પત્ર આપવામાં આવે છે.

મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રીની સહી/નામ

પરિશિષ્ટ નં 4

સમગ્ર શિક્ષા ગુજરાત   સી.આર.સી સ્થળ ચકાસણી પ્રમાણપત્ર

વર્ષ 2024-25શાળા બહારના બાળકોનો સર્વે રિપોર્ટ   વસાહતોની કુલ સંખ્યા-

જિલ્લો-   તાલુકો-   કલ્સ્ટર -   કલ્સ્ટરની કુલ શાળાઓ-

| ક્રમ | શાળાનું નામ | મુખ્ય શિક્ષકશ્રીનું નામ | એસ.એમ.સીના કાર્યક્ષેત્રના વિસ્તાર/છાપરા ની સંખ્યા | સર્વેમાં મળેલ બાળકોની સંખ્યા | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 6થી 8 | | | 9થી 14 | | | 15 થી19 | | | | કુલ | | કુલ |
| | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુલ | કુમાર | કન્યા | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉક્ત ટેબલમાં દર્શાવેલ મારા ક્લસ્ટરના કાર્યક્ષેત્રમાં આવતી તમામ શાળાઓ અને વસાહતોની શાળા બહારના બાળકોની સર્વેની સ્થળ ચકાસણી કરેલ છે.ઉકત સર્વેમાં કુલ -----------શાળા બહારના બાળકો મળેલ છે.આ સર્વેનાં એકપણ વસાહત કે વિસ્તાર શાળા બહારના બાળકોથી સર્વેથી વંચિત રહેલ નથી તે બદલ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સી.આર.સી કો.ઓની સહી/નામ

પરિશિષ્ટ નં 5

સમગ્ર શિક્ષા ગુજરાત — બી.આર.સી/યુ.આર.સી સ્થળ ચકાસણી પત્રક

વર્ષ 2024-25 શાળા બહારના બાળકોનો સર્વે રિપોર્ટ તા.

જિલ્લો- તાલુકો/ઝોન- block code-

| ક્રમ | ક્લસ્ટર | એસ.એમ.સી ની સંખ્યા | ક્લસ્ટરના કાર્યક્ષેત્રના વિસ્તાર/વસાહતની સંખ્યા | સર્વેમાં મળેલ બાળકોની સંખ્યા | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 6થી 8 | | | 9થી 14 | | | 15 થી19 | | | કુલ | | |
| | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉક્ત ટેબલમાં દર્શાવેલ મારા તાલુકા/ઝોન કાર્યક્ષેત્રમાં આવતી તમામ શાળાઓ અને વસાહતોની શાળા બહારના બાળકોની સર્વેની સ્થળ ચકાસણી કરેલ છે.ઉકત સર્વેમાં કુલ ------------શાળા બહારના બાળકો મળેલ છે.આ સર્વેનાં એકપણ વસાહત કે વિસ્તાર શાળા બહારના બાળકોના સર્વેથી વંચિત રહેલ નથી તે બદલ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

BRC/URC સહી/નામ